©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] FRIDAY, 05th JUNE, 2026/JYAISTHA 15, 1948 [Issue No. 25

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીએમ/કોલેરા/પરત-૦૧/૨૦૨૬.-મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જામનગર તરફથી મળેલ અહેવાલ અનુસંધાને અત્રેથી જામનગર જિલ્લાના જામનગર તાલુકાના નાઘેડી ગામના વિસ્તારને કોલેરા રોગગ્રસ્ત વિસ્તાર જાહેર કરવા તથા તેની આજુબાજુના ૨ કિ.મી.ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા અંગેનું જાહેરનામું એપેડેમીક ડીસીઝ એકટ નં. ૩ ઓફ ૧૮૯૭ અન્વયે તા. ૧૩-૦૨-૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક : ડીએમ/ડીસીએચ/કોલેરા/૧૩૦૨/૨૬ થી બહાર પાડવામાં આવેલ છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત જામનગરના તા. ૦૯-૦૩-૨૦૨૬ ના અહેવાલ અનુસાર હવે ઉક્ત વિસ્તારમાં કોલેરાનો રોગચાળો નિયંત્રણમાં આવી ગયેલ છે. જેથી સદરહુ જાહેરનામુ વધુ સમય અમલમાં રાખવાની જરૂરીયાત ન હોય જાહેરનામુ પરત લેવા દરખાસ્ત થયેલ છે. જે દરખાસ્ત અનુસાર અત્રેથી ઉપર ફકરા-૧ માં જણાવેલ વિગતે બહાર પાડવામાં આવેલ જાહેરનામુ આજથી પરત ખેંચવામાં આવે છે.

આજ તા. માહે : માર્ચ, ૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

જામનગર, માહે માર્ચ, સને ૨૦૨૬.

કે. બી. ઠક્કર (IAS)
જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું

જાહેરનામું

નાં. ડીએમ/ચેટીચાંદ/પ્રવેશબંધી-૦૧/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત અનુસાર જામનગર શહેરમાં તા.૨૦-૦૩-૨૦૨૫ને શુક્રવારના રોજ સિંધી સમાજના ઈષ્ટદેવ શ્રી ઝુલેલાલની જન્મ-જયંતિ નિમિત્તે વહેલી સવારથી સમગ્ર સિંધી સમાજના દર્શનાર્થીઓ દર્શન કરવા મંદીરે આવતા હોય છે, જ્યા પ્રસાદ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ થતું હોય છે. તહેવાર/ઉત્સવ દરમ્યાન દર્શનાર્થે આવતા બાળકો, વૃદ્ધ વડીલો તેમજ મહિલાઓ સહિતના લોકોને ટ્રાફિક સમસ્યાનો સામનો ન કરવો પડે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર તમામ પ્રકારના વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવો અનિવાર્ય બની રહે છે.

જેથી હું, **એસ.એમ. કાથડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચેના પરિશિષ્ટના કોલમ-(૨)માં દર્શાવેલ સમયગાળા દરમ્યાન કોલમ-(૩)માં દર્શાવેલ રસ્તા પર તમામ પ્રકારના વાહનોના પ્રવેશવા પર કોલમ-(૪)માં દર્શાવેલ વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા સાથે પ્રતિબંધ ફરમાવું છું.

:: પરિશિષ્ટ ::

ક્રમ	તારીખ	તમામ પ્રકારના વાહનો માટે રસ્તો બંધ રાખવાનો રૂટ	રસ્તો બંધ થતા વાહન-વ્યવહારનો વૈકલ્પિક રૂટ
(૧)	(૨)	(૩)	(૪)
૧.	તા. ૧૯-૦૩-૨૦૨૬ ના ૨૩.૦૦ કલાકથી તા. ૨૦-૦૩-૨૦૨૬ના ૨૪.૦૦ સુધી	જૂના રેલવે સ્ટેશન, ગીતા લોજ પાસેથી ત્રણ બત્તી ચોક સર્કલ સુધીનો રસ્તો	જૂનો રેલવે સ્ટેશનથી ગેલેક્સી સીનેમા તરફ જવાનો ડાયવર્ઝન રૂટ

:: અપવાદ ::

આ જાહેરનામું કામગીરીમાં રોકાયેલ સરકારી વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર વિભાગના વાહનોને લાગુ પડશે નહી.

આ જાહેરનામું તાત્કાલીક અસરથી અમલમાં લાવવું જરૂરી હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧-ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે સંબંધિત થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની જાહેર જનતાને જાણ થાય તે રીતે નાયબ કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર તથા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરએ તેની બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે. રસ્તાઓના અગ્રભાગે જાહેર જનતાને સરળતાથી જાણકારી મળી રહે તે મુજબના બોર્ડ નાયબ કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગરએ મુકવાના રહેશે.

આજ, તા. ૧૩ માહે : માર્ચ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

જામનગર, ૧૩ માહે માર્ચ, સને ૨૦૨૬.

(એસ.એમ.કાથડ)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.07.02 12:47:30 IST